# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY





## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા રેલ્વેની મુંબઈ ખાતે ZRUCC ની મળેલ મિટીંગમાં ઉપસ્થિત રહી રેલ્વેને લગતા વિવિધ પ્રશ્નો તથા સુચનો રજુ કરવામાં આવેલ...

# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા વેસ્ટર્ન રેલ્વેની ઝોનલ રેલ્વે યુઝર્સ કન્સલટેટી કમિટી (ZRUCC) ની મુંબઈ ખાતે તા.૨૬-૯-૨૦૨૩ ના રોજ મળેલ મિટીંમાં ઉપસ્થિત રહી રાજકોટ-સૌરાષ્ટ્રના મુસાફરોને વધુ સારી રેલ્વે સુવિધા મળી રહે તે માટે વેસ્ટર્ન રેલ્વેના જનરલ મેનેજરશ્રી અશોકકુમાર મિશ્રાને નીચે મુજબના વિવિધ પ્રશ્નો-સુચનો રજુ કરવામાં આવેલ.

(૧) ઓખા-મુંબઈ સૌરાષ્ટ્ર મેઈલનો સમય તેના ઓરીજીનલ સમય મુજબ રાખવો.
(૨) રાજકોટ-અમદાવાદ વચ્ચે મુસાફરોની સંખ્યા ખુબ જ વધી રહી છે ત્યારે આ વિશાળ સમુદાયને ધ્યાનમાં રાખી આ રૂટ ઉપર AC ચેર કાર ટ્રેન રોજીન્દી શરૂ કરવી.
(૩) રાજકોટ-સૌરાષ્ટ્રની જનતા હજારોની સંખ્યામાં અવાર-નવાર હરિદ્વારધામ ખાતે મુસાફરી કરતા હોય છે. ત્યારે રાજકોટ ખાતેથી અઠવાડીયામાં માત્ર શુક્રવારે જ ઉતરાંચલ એક્સપ્રેસ ટ્રેન ચાલું છે. હરિદ્વાર દેશનું અત્યંત ધાર્મિક અને ઐતીહાસીક સ્થળ હોય અને રાજકોટ-સૌરાષ્ટ્રથી મુસાફરોની સંખ્યા દિન-પ્રતિદિન વધી રહેતી હોવાથી ઉતરાંચલ એકસપ્રેસ ટ્રેનને અઠવાડીયામાં ત્રણ વખત શરૂ કરવી. સાથો સાથ હરિદ્વારા મેઈલને રાજકોટ સુધી લંબાવવી જેથી મુસાફરોને કોઈપણ મુશ્કેલી ન પડે.
(૪) મુંબઈ-સેન્ટ્રલ-હાપા દુરન્તો એકસપ્રેસને બોરીવલી સ્ટેશન ખાતે તાત્કાલીક સ્ટોપ આપવો.
(૫) રાજકોટ ચેમ્બરની રજુઆતના ફળ સ્વરૂપે "વંદે ભારત" રાજકોટને ફાળવવામાં આવી. તે જ રીતે મુસાફરોને વધુ સારી રેલ્વે સુવિધા મળી રહી તે માટે રાજધાની એકસપ્રેસ અને સતાપ્દી એકસપ્રેસને રાજકોટ સુધી લંબાવવી ખાસ જરૂરી છે.
(૬) હમસફર એકસપ્રેસ ટ્રેન અઠવાડીયામાં ત્રણ વખત ચાલે છે તેને કાયમી ધોરણે શરૂ કરવી.
(૭) દ્વારાકા અને અયોધ્યા અત્યંત ધાર્મિક અને ઐતીહાસીક મહત્વ ધરાવતા શહેરો હોય અને લાખો યાત્રીકો આ સ્થળની મુલાકાત લેતા હોય છે ત્યારે આ બન્ને શહેરો વચ્ચે ડાયરેકટ ટ્રેન ઉપલબ્ધ ન હોય ઓખા-અયોધ્યા-ઓખા વાયા મથુરા સપ્તાહમાં બે વખત ન્યું સુપર ફાસ્ટ ટ્રેન શરૂ કરવી જરૂરી છે.

ઉપરોકત રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની રજુઆતને ધ્યાનમાં લઈ વેસ્ટર્ન રેલ્વેના જનરલ મેનેજરશ્રીએ હકારાત્મક અભિગમ દાખવી યોગ્ય નિરાકરણ લાવવા ખાત્રી આપેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.